GJSR120002782024	सत्यमेव जयते	**Criminal Case no.83/2024** **લલિતભાઈ શાંતિભાઈ સોંડાગર** **વિ.** **હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા**

<u>ફોર્મ- “A"</u>

કઠોરના મે. જ્યુડીશિયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું. કઠોર		
ચુકાદાની તારીખ :	11/08/2025	
ફોજદારી કેસ નં.	**83/2024**	આંક:
ગુનાની વિગત		
ગુનાની કલમ :	**ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138 મુજબ.**	
ફરિયાદી	**લલિતભાઈ શાંતિભાઈ સોંડાગર,** ઉ.આ.વ. 54, ધંધોઃ- એમ્બ્રોડોરી વર્ક, રહે.107, સાંઇ મિલન રો હાઉસ, કામરેજ, તા. કામરેજ, જી. સુરત	
ફરિયાદપક્ષ તરફે	વિ.વ.શ્રી ડી. ટી. પરમાર	
આરોપી	**હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા** ઉ.આ.વ.45, ધંધોઃ-વેપાર, રહે.ઘર નં.55, ઓમકાર સોસાયટી, વિભાગ-એ, ગીતા નગર પાસે, માતૃ શકિત રોડ, પુણાગામ, તા.પુણા, જી.સરત.	
આરોપી તરફે	વિ.વ.શ્રી કે. વી. પરમાર	

<u>ફોર્મ- “B"</u>

ચેકની તારીખ	20/11/2023
ચેક જમા કરાવ્યાની તારીખ	29/11/2023
ચેક પરત ફર્યાની તારીખ	30/11/2023
નોટીસ આપ્યા તારીખ	15/12/2023
નોટીસ બજી ગયા તારીખ	16/12/2023
ફરિયાદ દાખલ કર્યાની તારીખ	**29/01/2024**
ચાર્જ/પ્લી ફરમાવ્યાની તારીખ	09/08/2024
પુરાવો શરૂ થયાની તારીખ	09/08/2024
ચુકાદો અનામત રાખ્યાની તારીખ	17/07/2026
ચુકાદો આપ્યા તારીખ	11/08/2026

સજાનો હુકમ સંભળાવ્યાની તારીખ, જો હોય તો	**11/08/2026**		
સમયગાળો:	વર્ષ	માસ	દિવસ
	02	06	13

-// **આરોપીની વિગત** //-

આરોપી નો ક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન ઉપર છૂટયાની તારીખ	ગુનાનો આરોપ મૂકયો છે.	નિર્દોષ કે દોષિત	કરવામાં આવેલી સજા	ફો.કા.સં. કલમ- 428 મુજબ કસ્ટડીમાં વિતાવેલ સમયગાળો
01.	હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા	—	—	ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138 મુજબ.	દોષિત	એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ વળતર પેટે વ્યાજસહિત ચુકવવાની	—

ફોર્મ- "C"

ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી

(અ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા:

અ.નં.	આંક	સાહેદના નામ	વિગત
01.	04	**લલિતભાઈ શાંતિભાઈ સોંડાગર નાઓની સોગંદ પરની જુબાની**	ફરિયાદી
02.	19	**વાસુભાઈ મનસુખભાઈ સુહાગીયા નાઓની સોગંદ પરની જુબાની**	સાહેદ
03.	25	**પાર્થિવભાઈ ભાસ્કરભાઈ મહેતા નાઓની સોગંદ પરની જુબાની**	બેંક સાહેદ

ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી.

(અ) બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા:

અ.નં.	આંક	સાહેદના નામ	વિગત
01.	30	**હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા નાઓની સોગંદ પરની જુબાની**	આરોપી

બચાવપક્ષ દ્વારા ઉપરોકત મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી.

<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી</u>

(અ) <u>ફરિયાદપક્ષ તરફે ફરિયાદી દ્વારા દસ્તાવેજી પુરાવા-</u>

અ.નં.	આંક	વિગત
01.	12	આરોપીએ હમો ફરીયાદીને આપેલ ચેક નં. "000459" ની અસલ નકલ.
02.	13	આરોપીએ આપેલ ચેક હમો ફરીયાદીએ અમારા ખાતાવાળી યુનિયન બેંક ઓફ ઇન્ડિયા લિ. નવાગામ, કામરેજ ચાર રસ્તા, તા.કામરેજ, જી. સુરત શાખામાં કલિયર થવા માટે તા.29/11/2023 ના રોજ નાંખેલ જેની પૈસા ભરવાની સ્લીપ અસલ.
03.	14	ચેક નં. "000459" નો ચેક રીટર્ન આવેલ તેના મેમાની અસલ નકલ.
04.	15	આરોપીને હમો ફરિયાદીએ 2જી. પો. એડી. દ્વારા તા.15/12/2023 ના રોજ વકીલ મારફત આપેલ નોટીસની ઓફીસ કોપી અસલ નકલ.
05.	16	આરોપીને હમો ફરિયાદીએ તા.15/12/2024 ના રોજ રજી. પો. એડી. દ્વારા મોકલેલ પોષ્ટ ખાતાની સફેદ રસીદ / પાવતી અસલ.
06.	17	આ કામના આરોપીને તા.16/12/2023 ના રોજ નોટીસની બજવણી થયેલ તે અંગે પોષ્ટ ખાતાના ઓનલાઇન ટ્રેકીંગ ની કરન્ટ સ્ટેટૅસની ઉતારાની ઓફીસ કોપી અસલ નકલ.
07.	18	આરોપીએ તેમના વકીલશ્રી મારફતે હમારા વકીલશ્રીના ઓફીસના સરનામા પર તા.15/01/2024 ના રોજ સમય મર્યાદાની બહાર નોટીસનો ખોટી હકીકતો વાળો અને ખોટી રીતે ઉપજાવી કાઢેલ જવાબ પાઠવેલ છે જે નોટીસ તથા કવર અસલ.

<u>(બ) ફરિયાદપક્ષ તરફે બેંક સાહેદ દ્વારા દસ્તાવેજી પુરાવા-</u>

અ.નં.	આંક	વિગત
01.	26	બેન્ક ઓથોરિટી લેટર અસલ
02.	27	સદર બેન્કના આરોપીએ બેન્કમાં એકાઉન્ટ નં.183801509245 ઓપન કરાવેલ ફોર્મની નકલ
03.	28	આરોપીના ખાતા નં.183801509245 નું એકાઉન્ટ સ્ટેટમેન્ટ

-:: જજમેન્ટ ::-

1. <u>ફરીયાદ હકિકતનું ટુંકમાં વર્ણન :</u>

ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, એમ્બ્રોઈડરીનું કામ કરતા ફરિયાદી અને આરોપી એક જ સમાજના હોવાથી તથા ધંધાકીય સંબંધોને લીધે તેમની વચ્ચે મિત્રતા અને પારિવારિક સંબંધો હતા, જેના કારણે આરોપી અગાઉ પણ જરૂર પડે ફરિયાદી પાસેથી નાની-મોટી રકમ હાથ-ઉછીની લઈને પરત ચૂકવી

આપતા હતા. આ વિશ્વાસના આધારે, તા.05/08/2022 નારોજ આરોપીએ ફરિયાદીના ઘરે આવી વાસુભાઈ સુહાગીયાની હાજરીમાં ધંધાના કામ માટે રૂ.1,00,000/- ની માંગણી કરી હતી. આરોપીએ ફરિયાદીને એવી લોભામણી લાલચ અને વચન આપ્યા હતા કે આ રકમ ધંધામાં રોકીને થનારા નફામાંથી 50% હિસ્સો આપશે, છ મહિનામાં રકમ બમણી થઈ જશે અને જરૂર પડ્યે એક મહિના અગાઉ જણાવવાથી મૂળ મૂડી રોકડેથી પરત કરી દેશે. આ વાતો પર ભરોસો રાખીને ફરિયાદીએ તા.05/08/2022 ના રોજ આરોપીને રૂ.1,00,000/- રોકડા હાથઉછીના આપ્યા હતા, જે આરોપીએ સ્વીકાર્યા હતા. એક વર્ષ કરતાં વધુ સમય વીતી જવા છતાં આરોપીએ મુડી કે નફો પરત ન કરતા, વાસુભાઈ સુહાગીયાની મધ્યસ્થીથી આરોપીના પુત્ર ધાર્મિક વાઘેલાએ તા.07/09/2023 નારોજ ફરિયાદીના ખાતામાં રૂ.23,000/- ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. બાકી નીકળતા રૂ.77,000/- માંથી રૂ.50,000/- ની ચૂકવણી માટે આરોપીએ તા.20/11/2023 નારોજ પોતાની આઈ.સી.આઈ.સી.આઈ. બેંકનો ચેક નં.000459, રૂ.50,000/- નો આપ્યો હતો. ફરિયાદીએ આ ચેક તા.29/11/2023 નારોજ પોતાની યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, કામરેજ ચાર રસ્તા શાખામાં જમા કરાવતા, તે તા.30/11/2023 નારોજ **"ACCOUNT CLOSED"** ના શેરા સાથે પરત ફર્યો હતો. ચેક રિટર્ન થવા અંગે અને બાકીના રૂ.27,000/- સહિત કુલ રૂ.77,000/- ની માંગણી કરતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ધમકી આપી નાણાં ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. ફરિયાદીએ વકીલશ્રી દિનેશ ટી. પરમાર મારફતે તા. 15/12/2023 ના રોજ રજિસ્ટર્ડ પોસ્ટથી લીગલ ડિમાન્ડ નોટિસ મોકલી હતી, જે આરોપીને બજી ગઈ હતી. આરોપીએ તેમના વકીલ મારફતે તા.15/01/2024 ના રોજ સમયમર્યાદા બહાર જવાબ પાઠવ્યો હતો. નોટિસ મળ્યાના 15 દિવસમાં પણ આરોપીએ ચેકો મુજબના નાણાં ન ચૂકવતા, ફરીયાદીએ હાલની ફરીયાદ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-138 મુજબ દાખલ કરેલ છે.

2. **<u>સી.આર.પી.સી.ની કલમ 251 મુજબ આરોપીની પ્લી:</u>**

ફરીયાદીની ફરીયાદના આધારે નામ. કોર્ટ દ્વારા ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ 142 મુજબ કોગનીઝન્સ લઈ, આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતો હોય સી.આર.પી.સી.ની કલમ 204 મુજબનો સમન્સ આરોપી વિરુદ્ધ કાઢવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા કરવામાં આવેલ. જે આરોપીને બજતાં તેઓ તેમનાં વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીને સદરહુ

કેસ પેપર્સની નકલો સી.આર.પી.સી.ની કલમ 207 મુજબ આપી ફરીયાદની વિગતો બાબતે પુછતાં તેમણે ગુનો કબુલ ન હોવાનું જણાવેલ છે. જેથી સદર આરોપીની **આંક-16** થી પ્લી રેકોર્ડ કરતા તેઓએ પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી સી.આર.પી.સી.ની કલમ 242 અન્વયે ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

3. <u>સી.આર.પી.સી.ની કલમ - 313 મુજબ આરોપીનું વિશેષ નિવેદન:</u>

ફરિયાદ પક્ષે **આંક-29** થી તેમનો પુરાવો બંધ કરવાની અરજી રજુ કરી પોતાનો પુરાવો પુરો થયો તેમજ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાની હકીકત જાહેર કર્યા બાદ સી.આર.પી.સી.ની કલમ 313 મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું. જેમાં તેઓએ આ કામના ફરિયાદી પાસે લાખ રૂપિયાની માંગણી કર્યાની તેમજ લાખ રૂપિયા લીધા હોવાની હકિકતનો ઈન્કાર કરેલ છે. તેમજ ફરિયાદીએ સદર ચેકનો દુરુપયોગ કરેલ હોવાની હકિકત જણાવેલ છે. વધુમાં આરોપીએ ફરિયાદીએ મોકલેલ નોટિસ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ સદર નોટીસનો જવાબ આપ્યાની હકિકતનો સ્વિકાર કરેલ છે. વધુમાં, તેમણે બચાવના સાહેદો તપાસવાનો સ્વિકાર કરેલ છે તેમજ પોતે <u>સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોવાનું</u> જણાવી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

4. <u>સી.આર.પી.સી.ની કલમ - 314 મુજબ પક્ષકારોની દલીલો:</u>

4.1. ફરિયાદપક્ષે **આંક-37** થી લેખિત દલીલ રજુ કરેલ છે. વધુમાં ફરિયાદીના વિ.વ.શ્રી. ડી. ટી. પરમારએ દલીલ કરતા જણાવેલ છે કે હાલના કામે રેકર્ડ પરનો પુરાવો જોતા ફરિયાદીએ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે. અને આરોપી જે બચાવ લઈને આવેલ છે તે બચાવ માનવા યોગ્ય નથી. વધુમાં જણાવેલ છે કે, ધી નેગો. ઇન્સ્ટ્રુમેન્ટસ્ એક્ટનો કલમ 139 તથા 118 હેઠળ કરવામાં આવતા અનુમાનોનું ખંડન આરોપી દ્વારા કરવામાં આવેલ નથી જે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવી અનિવાર્ય છે. જેથી તેઓએ પોતાનો કેસ શંકારહિત રીતે પુરવાર કરેલ હોય, આ કામના આરોપીને મહત્તમ સજા કરવા દલીલ કરેલ છે. વધુમાં, તેમના સમર્થનમાં તેઓએ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે:

1. **P.S.A. Thamotharan vs. Dakmia Cements (B) Ltd.**[1]

[1] 2005(1) DCR 85

2. **Satish Jayanthilal Shah vs. Pankaj Mashruwala[2]**
3. **Lillykutty vs. Lawrance[3]**
4. **Kalamani Tex and another vs. P. Balasubramanian[4]**
5. **Rangappa vs. Sri Mohan[5]**
6. **Janardan Singh vs. State of Uttranchal[6]**
7. **Vijaykumar Gupta vs. Pankaj Sharma[7]**
8. **Krishna Janardhan Bhat vs Dattatraya G. Hegde[8]**
9. **Girishbhai Natvarbhai Patel vs. State of Gujarat**[9]

4.2. આરોપી તરફે વિ.વ.શ્રી. કે. વી. પરમારએ મુખ્યત્વે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના ફરિયાદી દ્વારા આરોપીના ચેકનો દુરુપયોગ કરવામાં આવેલ છે. જે હકીકત આરોપી દ્વારા આંક-18થી રજૂ થયેલ નોટિસના જવાબમાં પણ જણાવવામાં આવેલ છે. આરોપીએ ફરિયાદીને તેની લેણી રકમ ચૂકવી આપેલી, જેથી આરોપીએ ફરિયાદી પાસે પોતાનો ચેક પરત માંગતા તે ખોવાઈ ગયેલ છે, મળ્યેથી પરત કરવાનું જણાવેલ. તેમજ સદર ચેક એકાઉન્ટ કલોઝડના શેરા સાથે પરત ફરેલ છે. જેથી આરોપીએ આવો કહેવાનો કોઇ ગુનો કરેલ નથી તેમજ આરોપી તદ્દન નિર્દોષ વ્યકિત છે. જેથી આરોપીના વિ.વ.શ્રી દ્વારા આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવા અરજ કરેલ છે.

5. **સી.આર.પી.સી.ની કલમ - 354(1)(b) મુજબ પોઇન્ટસ ફોર ડીટરમીનેશન:**

આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

-:: મુદ્દાઓ ::-

I. **શું ફરિયાદી નિ:શંકપણે સાબિત કરે છે કે,આ કામના આરોપીએ સમગ્ર રીતે અથવા અંશત: કોઇ પણ કાયદેસરનુ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો સવાલવાળા ચેકો ફરિયાદીને આપેલ અને તે ચેકો, નિયત સમયમા**

[2] 1996 Cr. LJ 3099
[3] 2003(2) DCR 610
[4] (2021) 5 SCC Page 283
[5] DCR 2010(1) 706(SC), 2010 CRI.L.J. 2831, AIR 2010 (SC) 1898
[6] DCR 2014(1) 151
[7] CRIMES 2015(3) 403
[8] 2008 (1) DCR 143 (A.P.)
[9] 2006 (1) DCR 594 (Guj.)

ફરિયાદીએ બેંક સમક્ષ રજુ કરતા, તે ચેકો ચુકવણી કર્યા વિના પરત ફરેલ છે. અને તે અંગે ફરિયાદીએ આરોપીને નિયત સમયમા નોટીસ આપી, સદરહુ ચેકોની રકમની માંગણી કરવા છતા, આરોપી નિયત સમયમા સદરહુ રકમની ચુકવણી કરવામા નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ 138 મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

II. શું હુકમ ?

6. ઉપરોકત મુદ્દાનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો મુજબ નીચે મુજબ છે.

I. મુદ્દા નં.1 - હકારાત્મક,

II. મુદ્દા નં.2 - આખરી હુકમ મુજબ

-:: કારણો ::-

મુદ્દા નં. 1 :-

7. આ કામના આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલા ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 મુજબના ગુનાનો આક્ષેપ મૂકવામાં આવેલ હોય, જેથી આ તબક્કે પ્રસ્તુત કેસમાં રજૂ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પૂરવાનું મૂલ્યાંકન કરતા પહેલા ઉપરોક્ત કાયદાની કલમ 138 ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે:

> *"**138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.**—Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years', or with fine which may extend to twice the amount of the cheque, or with both:*
>
> *Provided that nothing contained in this section shall apply unless—*
> *(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;*
>
> *(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said*

amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.—For the purposes of this section, "debt of other liability" means a legally enforceable debt or other liability"

8. આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, ફરીયાદી તર્ફે ફરીયાદી **લલિતભાઈ શાંતિભાઈ સોંડાગર** નુ સરતપાસનું સોગંદનામું આંક-04 થી રજૂ કરેલ છે જે ફરિયાદી, આંક-1ની ફરીયાદની હકીકતોને સમર્થન કરે છે. આ તમામ હકીકતો ઉપર પેરા નં.1માં વિગતવાર રીતે વર્ણવેલી હોવાથી પુનરાવર્તન થતું અટકાવવા માટે અત્રે વર્ણન કરવામાં આવેલું નથી. વધુમાં, સદર ફરીયાદીએ તેમની જુબાની દરમ્યાન **આંક-12 થી 18** હેઠળ રજુ કરેલ દસ્તાવેજોને સમર્થન આપેલ છે.

9. ફરીયાદીની ઉલટતપાસ આરોપીના વિદ્વાન વકીલશ્રી દ્વારા કરવામાં આવે છે. તેમાં ફરિયાદીએ હકિકત જણાવેલ છે કે, તેઓ એમ્રોડરીનું કામકાજ કરે છે. એમ્રોડરીના કામમાં સાડીના લેસ, સાડી, કુર્તી, ડ્રેસ, વગેરે કામ આવે છે. એ વાત ખરી છે કે, આ કામ માટે તેઓ કારીગરો રાખે છે. સાહેદ જણાવે છે કે, તેઓની પાસે કોઈ કારીગર નથી. તેઓ પોતે જ કામ કરે છે. તેઓ લેસ બનાવાનું કામકાજ કરે છે. તેઓ આ કામકાજ બાબતે કોઈ હિસાબ નીભાવતા નથી. તેઓ તથા આરોપી એક જ સમાજના છે તથા ધંધાકીય બાબતે માર્કેટમાં એકબીજા મળતા હોવાથી એક બીજાને ઓળખે છે. એ વાત ખરી છે કે, તેઓ આરોપીને પૈસાની જરૂર પડે તો આરોપીને પૈસા આપે તે બાબતનો ફરિયાદમાં ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, તેઓએ આ કામના આરોપીને પૈસા આપેલા તે પૈસા તેઓ કયાથી લાવેલ તે બાબતનો ઉલ્લેખ તેઓની ફરિયાદમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ આરોપીને રૂ.1,00,000/- આપેલ તે અંગેનું કોઈ લખાણ કરાવેલ નથી. આ પૈસા બાબતની તેઓએ કોઈ નોંધ કરેલ નથી. આ કામના આરોપી મીરર હસમુખ તરીકે ધંધો ચલાવે છે. એ વાત ખરી છે કે, આ કામની ફરિયાદમાં મીરર હસમુખ નામનો ઉલ્લેખ કરેલો નથી. એ વાત ખરી છે કે, આરોપીને તેઓએ કઈ ચલણની નોટ થકી રૂ.1,00,000/- આપેલા તે આ ફરિયાદમાં જણાવેલ નથી. આરોપીએ તેઓને રૂ.23,000/-ચુકવેલ તે કયા નંબર ઉપર થી ચુકવેલ તેનો ઉલ્લેખ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, આરોપીના દિકરાના નામના થી ઓનલાઈન ટ્રાન્સફર કરેલા.

આ પુરાવા તેઓએ આ કામે રજુ કરેલ નથી. આ આરોપીનું ખાતુ બંધ થયેલ છે અને તેને આ કામનો તકરારી ચેક આપેલ છે તે બાબતનો ચેતરપીંડીનો પોલીસ સ્ટેશનમાં કોઈ કેસ કરેલ નથી. તેઓની અને આ કામના આરોપી વચ્ચે ધંધાકીય સબંધ હતા જેના કારણે તેઓએ પોલીસ ફરિયાદ કરેલ નથી. આ કામે તેઓએ જે નોટીશ આપેલ તેનો જવાબ આરોપીએ તેઓના વકીલશ્રીને આપેલ છે. સાહેદ જણાવે છે કે, આ બાબતની જાણ તેઓને તેઓના વકીલશ્રી કરેલ છે. એ વાત ખરી નથી કે, તેઓએ આરોપી સાથે નાણાકીય વ્યવહાર થયેલ નથી તેમ છતા આ કામની ખોટી ફરિયાદ કરેલ છે. ચેકમાં આ કામના આરોપીએ જ વિગત ભરેલ છે. એ વાત ખરી નથી કે, આ કામના આરોપી સાથે તેઓએ કોઈ ધંધાકીય વ્યવહાર થયેલ ન હોવા છતા તેમના ચેકનો તેઓએ ખોટો દુરઉપયોગ કરી ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે, આ કામના આરોપી પાસેથી તેમને ચેક કઢાવી લીધેલ અને તેઓએ ખોટી ફરિયાદ કરેલ છે.

10. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ **વાસુભાઈ મનસુખભાઈ સુહાગીયા** નુ સરતપાસનું સોગંદનામું આંક-19 થી રજૂ કરેલ છે, તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, આ કામના ફરીયાદી લલિતભાઈ શાંતિભાઈ સોંડાગર તેઓના મિત્ર હર્ષના પિતા થાય છે. અને તેઓ આ કામના ફરીયાદીને સારી રીતે ઓળખીએ છીએ. તેઓ એમ્બ્રોડોરી વર્કેનું કામ કરતા આવેલા છે. આ કામના આરોપી હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા (જેઓને બોસ નામથી ઓળખાય છે.) જેઓ રહે. ઘર નં.55, ઓમકાર સોસાયટી, વિભાગ-એ, ગીતા નગર પાસે, માતૃ શકિત રોડ, પુણાગામ, તા.પુણા, જી.સરત મુકામે રહે છે અને તેઓ તેમને પણ સારીરીતે ઓળખે છે. કારણ કે, આ કામના ફરીયાદી તથા આરોપીએ બંને એમ્બ્રોડોરી વર્કેનું કામ કરતા હોઈ અને એકજ સમાજના હોઈએ જેથી સારી મિત્રતા હતી એ તેઓએ જાણેલ. આ કામના ફરિયાદી સાથે આ કામના આરોપી ધંધાકિય સબંધ ધરાવતા હોવાના નાતે તેમજ એકજ સમાજના હોવાથી મિત્રતા બનેલ હોય. તેમજ ફરિયાદી અને આ કામના આરોપી ધંધાના કામે અવર નવર એકબીજા સાથે મળતા આવેલા હોય જેથી આરોપી સાથે ફરિયાદીના સારા સબંધો હતાં. આ કામના આરોપી ફરિયાદીના ઘરે અને ફરિયાદી આ કામના આરોપીના ત્યાં વારંવાર આવતા જતા હોય જેથી ફરિયાદી તથા આરોપી એકબીજાને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને જયારે જયારે પૈસાની જરૂર પડે તો ફરિયાદી પાસેથી હાથઉછીના લઈ જતાં અને પરત આપી જતાં આમ આ કામના આરોપી આ કામના ફરિયાદી પાસેથી ઘણીવાર નાની મોટી રકમ જરૂર પડયે લઈ જતાં હતા જેથી ફરિયાદીને આ કામના આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો હતો એ

વાતની તેઓને ખબર છે. જેથી આ કામના આરોપી તા.05/08/2022 ના રોજ ફરિયાદીના ઘરે કામરેજ મુકામે ફરિયાદી પાસે આવેલ ત્યારે તેઓ પણ ફરીયાદીના ઘરે તેઓના મિત્ર હર્ષને મળવા આવેલ ત્યારે આ કામના આરોપીને રૂા.1,00,000/- અંકે રૂપિયા એક લાખ પુરાની જરૂર પડેલ હોવાથી આરોપીએ ફરિયાદી પાસે માંગણી કરેલ અને ફરિયાદીને આ કામના આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસ મુકેલ હોવાથી આ કામના આરોપીએ તા.05/08/2022ના રોજ ફરિયાદી પાસે રૂા.1,00,000/- અંકે રૂપિયા એક લાખ પુરાની હાથ-ઉછીનાની રકમ છ મહીનામાં પરત આપવાનું કહી માંગણી કરેલ અને જણાવેલ કે, "આ તમારા રૂા.1,00,000/- તો રોકડા પરત આપીશ. પરંતુ આ રૂપિયા મારા ધંધામાં રોકીશ અને તે ધંધામાં જે નફો થશે તેમાંથી પણ તમોને નફાના પૈસા માંથી 50% રકમ આપીશ. તથા માત્ર છ મહીનામાં જ રકમ બમણી થઈ જશે." તેવા લોભામણા વચનો આપતા ફરિયાદીએ આ કામના આરોપી ઉપર ભરોસો રાખીને તા.05/08/2022ના રોજ ફરિયાદીએ તેમના ઘરમાં તેઓની પોતાની હાજરીમાં આ કામના આરોપીને રૂા.1,00,000/- (અંકે રૂપિયા એક લાખ પુરા) હાથઉછીના રોકડા આપેલ. જે આરોપીએ સ્વીકારેલ તથા ફરિયાદીને જયારે જરૂર હોય ત્યારે માત્ર એક મહીના અગાઉ કહે ત્યારે આ કામના આરોપી રકમ પરત કરી દેશો, તેવા આશ્વાસન આપેલ.

10.1. સાહેદની ઉલટતપાસ આરોપીના વિદ્વાન વકીલશ્રી દ્વારા કરવામાં આવે છે. તેમાં સાહેદે હકિકત જણાવેલ છે કે, તેઓની જે સરતપાસ રજુ કરેલ છે તે સરતપાસ તેઓએ વાંચેલ છે. એ વાત ખરી છે કે, આ કામની સરતપાસમાં તેઓએ એવી હકિકત જણાવેલ છે કે આરોપી જરૂર પડે ત્યારે પૈસા લઈ જતા હતા પરંતુ કઈ કઈ તારીખે કેટલા પૈસા લઈ ગયેલ છે તેવી હકિકત તેઓએ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામ સીવાય અગાઉ આરોપી સાથે પૈસાની લેવડ-દેવડ થયેલ તે બાબતની તેઓને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, આ કામે જે એક લાખ રૂપિયાનો આરોપી તથા ફરિયાદી વચ્ચે વ્યહાર થયેલ છે તે અંગેનું કોઈ લખાણ તેઓની હાજરીમાં થયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, તેઓને આ કામના આરોપીએ ફરિયાદીને કઈ બેંકનો, કયા ખાતા નંબરનો, કેટલી રકમનો, કઈ તારીખનો કયારે ચેક આપેલ તે અંગેની કોઈ માહીતી નથી. એ વાત ખરી છે કે, ફરિયાદીએ આરોપીને આપેલ રકમ પરત માંગણી કરતા આ કામના આરોપી આજ કાલ કરી સમય વીતાવ્યે જતા હતા તે બાબતની તેઓને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, આ કામની તેઓની સરતપાસમાં આરોપીએ ફરિયાદીને ફરિયાદીના આરોપી

પાસેથી લેવાના થતા નાણાની રકમ પૈકી રૂ.23,000/- ફરિયાદીના બેંક અકાઉન્ટમાં આ કામના આરોપીના દિકરા ધાર્મીક વાઘેલાએ તેમના એકાઉન્ટમાંથી ઓનલાઈન મોકલાવેલા તેવી હકિકત જણાવેલ છે, પરંતુ ધાર્મીક વાઘેલાએ કયા અકાઉન્ટમાંથી કઈ તારીખે કયા એકાઉન્ટમાં નાણા ટ્રાન્સફર કરેલ તે અંગેની તેઓને કોઈ માહીતી નથી. એ વાત ખરી નથી કે, આ કામના ફરિયાદી તેઓના મીત્ર થતા હોય તેમના સમર્થનમાં ખોટુ સોગંધનામુ રજુ કરી ખોટી જુબાની આપેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી અને ફરિયાદી વચ્ચે કોઈ નાણાકીય વ્યવહાર થયેલ ન હોવા છતા ચેકનો દુરઉપયોગ કરી ફરિયાદીએ ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપેલ છે.

11. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ **પાર્થિકભાઈ ભાસ્કરભાઈ મહેતા**નુ સરતપાસનું સોગંદનામું આંક-25 થી રજૂ કરેલ છે, તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓ ICICI બેંકમા છેલ્લા 8 વર્ષથી નોકરી કરે છે અને વરાછા બાન્ચમા છેલ્લા બે વર્ષથી ફરજ બજાવે છે. તેઓ નામ. કોર્ટના સાહેદ સમંસના આધારે આજરોજ કોર્ટમા જુબાની આપવા માટે આવેલ છે. તેઓ જુબાની આપવા માટે આવેલ છે તે અંગેનો બ્રાન્ચનો ઓથોરિટી લેટર સાથે લઈ આવેલ છે, જેને રજુ દાખલ આંક-26 આપવામાં આવે છે. હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા નાઓએ તેઓની બેંકમા તા.19/05/2018 નારોજ ખાતુ ખોલાવેલ હતુ જેનો એકાઉન્ટ નં.183801509245 છે. જે એકાઉન્ટ ખોલાવ્યા અંગેનુ ઓપનીંગ ફોર્મની સર્ટીફિકેટ નકલ તેઓ સાથે લાવેલ છે. જે રજુ દાખલ આંક-27 આપવમાં આવે છે. હસમુખભાઇ ભીમજીભાઈ નાઓને તેઓની બેંકમાંથી ચેકબુક ઈસ્યુ કરવામાં આવેલ છે. આ કામમાં રજુ થયેલ ચેક નં.000459 જે તેઓની બેંકમાંથી ઈસ્યુ કરવામા આવેલ હતો તે જ છે. સદર ચેક તેઓની બેંકમા કલીરીંગ માટે આવતા જે તા.30/11/2023 નારોજ એકાઉન્ટ કલોઝના શેરા સાથે પરત થયેલ છે. હસમુખભાઈ ભીમજીભાઈ નાઓનુ તા.03/02/2022 નારોજ એકાઉન્ટ કલોજ થયેલ હતું. એકાઉન્ટ કલોઝ થયુ તે સમયે હસમુખભાઈના ખાતામા રુ.50,000/- જેટલી રકમ ન હતી. જે અંગેનુ તેઓની બેંકનું સ્ટેટમેન્ટ લાવેલ છે, જે રજુ દાખલ આંક-28 આપવામાં આવે છે. હસમુખભાઈના ખાતામા છેલ્લી લેવડ-દેવડ તા.27/02/2020 નારોજ થયેલ હતી. હસમુખભાઈએ તા.27/02/2020 થી 20/11/2023 ના સમયગાળામા તેઓએ કોઈ લેવડ-દેવડ કરેલ નથી. એકાઉન્ટ કલોઝ કર્યા અંગેની એસ.એમ.એસ. દ્વારા હસમુખભાઈને જાણ કરેલ હતી. ઉપરોકત હકીકતે ફરિયાદીએ આ કામના આરોપીને રૂા.1,00,000/-

આપ્યા બાદ ઘણો સમય થઈ જવા છતાં આરોપીએ ફરિયાદીના હાથ ઉછીના લીધેલ રકમ કે આરોપીએ ધંધામાં કરેલ નફોમાંથી પણ કોઈ રકમ ફરીયાદીને પરત કરેલ નથી. જેથી ફરિયાદી એ આ કામના આરોપીને આપેલ રકમ પરત માંગણી કરતા આ કામના આરોપી આજકાલ કરી સમય વિતાવ્યે જતાં હોય જેથી ફરિયાદી એ તેઓને વાત કરતાં તેઓએ પોતે પણ આ કામના આરોપીને ફરીયાદીની લીધેલ રકમ પરત આપવા જણાવતા આરોપીએ કહેલ કે તેઓ ફરીયાદની રકમ આપવાની છે તે પૈસા આવશે તો આપી દઈશ. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને તા.07/09/2023 નારોજ ફરિયાદીના આરોપી પાસે લેવાના થતા નાણાંની રકમ પૈકી રૂા.23,000/- ફરીયાદીના બેંક એકાઉન્ટમાં આ કામના આરોપીના દિકરા ધાર્મિક વાઘેલાએ તેમના એકાઉન્ટ માંથી ઓનલાઇન મોકલાવેલા અને બાકી રહેલ રકમ રૂા.77,000/- અંકે રૂપિયા સિત્તોતેર હજાર પુરા પૈકી તા.20/11/2023 નારોજ રકમ ચુકવવા માટે આરોપીએ ફરિયાદીને રૂા.50,000/-નો ચેક લખી આપેલ અને બીજી બાકી રહેતી રકમ રૂા.27,000/- રોકડા આપવાની વાત કરેલ હોય જે તેઓના મિત્ર હર્ષના પિતાએ તેઓને જણાવેલ. તેઓ સાક્ષી આ કામનાં બંને પક્ષકારોને રૂબરૂમાં ઓળખતા હોઈએ અને આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ આ કામનાં આરોપી વિરૂદ્ધ ચેક રીર્ટન થયા અંગેની ફરીયાદ કરેલ છે. જેનાં નાણાં આ કામનાં આરોપીએ આ કામનાં ફરીયાદીને આપેલ નથી તથા બંને પક્ષકારો વચ્ચે થયેલ નાંણાની આપ-લે બાબતે હમો સંપૂર્ણપણે જાણકાર હોઈએ સાહેદ તરીકે હાલની જુબાની નામદાર કોર્ટમાં રૂબરૂ હાજર રહી રજુ કરેલ છે.

11.1. બેંક સાહેદની ઉલટતપાસ આરોપીના વિદ્વાન વકીલશ્રી દ્વારા કરવામાં આવે છે. તેમાં બેંક સાહેદે હકિકત જણાવેલ છે કે, તેઓની સરતપાસમાં સદર ખાતેદારને એકાઉન્ટ બંધ થયા બાબતે એસ.એમ.એસ. દ્વારા કયા નંબર ઉપરથી અને કઈ તારીખે જાણ કરેલી તેની જણાવેલ નથી. એ વાત ખરી છે કે કયા કારણસર એકાઉન્ટ બંધ થયેલ છે તેની લેખીતમા જાણ કરેલ નથી. એ વાત ખરી છે કે, જુબાની દરમ્યાન દસ્તાવેજ એ અસલ ઉપરથી કરેલાની ખરી નકલ છે, જેમાં બેંકનો સિકકો તેમજ તેઓની સહી છે પરંતુ દસ્તાવેજો અસલ ઉપરથી વેરીફાઈડ કરેલાનો સિકકો મારેલ નથી.

12. બચાવપક્ષ તર્ફે આરોપી **હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા** નુ સરતપાસનું સોગંદનામું આંક-30 થી રજૂ કરેલ છે, તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓ આ કામના ફરિયાદી લલીતભાઈ શાંતિભાઈ સોંડાગરને ઓળખે છે. તેઓએ લલીતભાઈને ઘણા સમય પહેલા ચેક આપેલ હતો. તેઓ બન્ને પક્ષકારો ધંધાકીય

ભાગીદારી હતી જે ઘણા સમય પહેલા છુટ્ટી થઇ ગયેલ છે. અમે જે ધંધાકીય હેતુ માટે જે બેન્કમાં ખાતુ ખોલાવેલ હતુ તે ઘણા વર્ષોથી બંધ છે અને લલીતભાઈને આ ખાતુ બંધ થઈ ગયેલ હોવાની જાણ હતી. તેઓની ભાગીદારી પુરી થયેલ ત્યારે તેઓનો નફો નુકશાન કલીયર થઈ ગયેલ હતુ. તેઓને લલીતભાઈને હિસાબ પેટે કોઈ રકમ આપવાની થતી ન હતી તેમ છતા લલીતભાઈ એ ચેકનો દુરઉપયોગ કરી ખોટી રીતે બેન્કમાં નાખેલ હતો. તેઓની ભાગીદારી પુરી થતા આ કેસનો તકરારી કેસ પરત લેવાની તેઓએ માંગણી કરેલ હતી પરંતુ લલીતભાઈ એ આ ચેક તેઓને પરત આપેલ નહી અને તેઓને જણાવેલ કે તેઓના પત્નીથી કોઈ જગ્યાએ મુકાઈ ગયેલ છે હાલ મળતો નથી ચેક મળી આવશે એટલે તમને પરત આપી દઈશ દોસ્તીમાં વિશ્વાસ રાખજો. આ તકરારી ચેકમાં નામ અને તારીખ તેઓએ લખેલ ન હતી. તેઓએ આ તકરારી ચેકમાં માત્ર રકમ જ લખેલ હતી. આ તકરારી ચેક રીટર્ન થયો તેની જાણ તેઓને નોટીસ આવેલ ત્યારે થયેલ હતી. આ કેસમાં ફરિયાદી દ્વારા જણાવવામાં આવેલ તમામ વિગતો ખોટી છે. તેઓને લલીતભાઈને કોઈ પૈસા આપવાના થતા નથી.

12.1. આરોપીની ઉલટતપાસ ફરિયાદીના વિદ્વાન વકીલશ્રી દ્વારા કરવામાં આવે છે. તેમાં આરોપીએ હકિકત જણાવેલ છે કે, તેઓ એમ્બ્રોડેરી વર્કનું કામ કરતા હતા. એ વાત ખરી છે કે, તેઓના મીત્ર લલીતભાઈ પણ એમ્રોડરી વર્કનુ કામ કરતા હતા. તેઓ જે કામ કરતા હતા તે સુરત મુખી બીજી જગ્યાએ કરતા હતા. લલીતભાઈ તથા તેઓ પહેલા સાથે ધંધો કરતા હતા પછી તેઓ તેમના ઘરે કરતા હતા. એ વાત ખરી નથી કે, તેઓ તથા લલીતભાઈ ભાગીદારીનું કામ કરતા ન હતા. એ વાત ખરી છે કે, ભાગીદારીનું કામ કરવુ હોય તો ભાગીદારી કરાર કરવાની જરૂર નથી. સવાલ-ભાગીદારીમાં બેન્કમાં ખાતુ ખોલાવવુ હોય તો ભાગીદારી કરારની જરૂર પડે ? જવાબ- જરૂર પડે પણ ખાતુ મારૂ એકલાનું જ હતુ. તેઓએ તેમની સરતપાસમાં તેઓ બન્ને ધંધો ભાગીદારીમાં કરતા હતા તે બાબતનુ કોઈ લખાણ કરેલ નથી કે તેવો પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, લલીતભાઈ તથા તેઓ સારા મીત્રો હતા જેથી તેઓને એક બીજાના ઘરે આવાજવાનું થતુ હતુ. એ વાત ખરી છે કે, ધંધાના કામે પૈસાની જરૂર પડેલ ત્યારે ફરિયાદી પાસે એક વાર પૈસા લીધેલ હતા અને તે પૈસા તેઓએ તેઓને પરત આપી દીધેલ હતા. એ વાત ખરી નથી કે, તેઓ તા.05/08/2022 ના રોજ લલીતભાઈના ઘરે જઈ તેમની પાસેથી પૈસા લાવેલ હતા. એ વાત ખરી છે કે, ફરિયાદી પાસે લીધેલ નાણા પૈકી તા.07/09/2023 ના રોજ તેઓના દિકરા ધાર્મીક

વાઘેલા એ તેમના ખાતામાંથી આ કામના ફરિયાદીના ખાતામાં ઓનલાઇન રૂ.23,000/- મોકલાવેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ રૂ.23,000/- અને બાકીના રોકડા રૂ.27,000/- એમ કુલ મળી રૂ.50,000/- ફરિયાદીને પરત આપી દીધેલ હતા. એ વાત ખરી છે કે, ફરિયાદીને રૂ.27,000/- રોકડા આપેલ તે બાબતે તેમની પાસેથી કોઇ રસીદ મેળવેલ નથી. એ વાત ખરી નથી કે, તેઓને ફરિયાદીએ આપેલ રૂ.1,00,000/- પૈકી રૂ.23,000/- તેઓના દિકરાના ખાતામાંથી ફરિયાદીને ટ્રાન્સફર કરાવેલ અને બાકી રહેલ રકમ રૂ.77,000/- પૈકી તા.20/11/2023 નારોજ આંક-12 વાળો ચેક રૂ.50,000/-નો તેઓની સહી કરીને લખી આપેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ માત્ર ચેકમાં સહી કરેલ તેમજ રકમ ભરેલી બાકીની વિગતો ફરિયાદીએ જાતે લખેલ હતી. સદર ચેક તેઓએ ફરિયાદીને રૂ.23,000/- ટ્રાન્સફર કર્યા તેની પહેલા આપેલ હતો. એ વાત ખરી છે કે, સદર આંક-12 વાળો ચેક રીટર્ન થતા આ કામના ફરિયાદીએ તેઓને આંક-15 થી નોટીસ આપેલી. સદર નોટીસનો તેઓએએ આંક-18 વાળો જવાબ સમય મર્યાદામાં જવાબ આપેલ. એ વાત ખરી છે કે, આંક-18 વાળા તેઓના નોટીસના જવાબમાં તેઓએ ભાગીદારીમાં ધંધો કરેલ તેવી હકીકત લખેલ નથી. એ વાત ખરી છે કે, આ જવાબમાં ભાગીદારીમાં બેન્કમાં ખાતુ ખોલાવ્યા અંગેની હકિકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓના નોટીસના જવાબમાં તેઓએ એવી હકિકત લખાવેલ નથી કે, "લલીતભાઈ એ આ ચેક તેઓને પરત આપેલ નહી અને તેઓને જણાવેલ કે તેઓના પત્નીથી કોઈ જગ્યાએ મુકાઈ ગયેલ છે હાલ મળતો નથી ચેક મળી આવશે એટલે તમને પરત આપી દઈશ દોસ્તીમાં વિસ્વાસ રાખજો". એ વાત ખરી છે કે, તેઓના આંક-18 વાળા જવાબમાં ફરિયાદીને રૂ.27,000/- રોકડા ચુકવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી નથી કે, ફરિયાદી સાથે તેઓને મીત્રતા હોય તેઓએ તેમને વાસુભાઈ સુહાગીયાની હાજરીમાં રૂ.1,00,000/- હાથઉછીના આપેલ હતા. એ વાત ખરી નથી કે, તેઓને ફરિયાદીને ચેકની રકમ આપવી ન પડે તે માટે બચાવ કરવા સોગંધ ઉપર ખોટી જુબાની આપેલ છે.

13. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-118 તથા કલમ-139 વંચાણે લેતા એ સ્પષ્ટ થાય છે કે, જો એકવાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે, તો તેવા સંજોગોમાં કેટલાંક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે, તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને

વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય તેમ છે. આરોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ ઉપરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે તેમ છે. જેથી, ઉપરોક્ત કલમો નીચે મુજબ છે:

> *“**118. Presumptions as to negotiable instruments.:***
> *Until the contrary is proved, the following presumptions shall be made:*
> *(a) of consideration.: that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;*
> *(b) as to date.: that every negotiable instrument bearing a date was made or drawn on such date;*
> *(c) as to time of acceptance.: that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;*
> *(d) as to time of transfer.: that every transfer of a negotiable instrument was made before its maturity;*
> *(e) as to order of indorsements.: that the indorsements a negotiable appearing upon instrument were made in the order in which they appear thereon;*
> *(f) as to stamp.: that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;*
> *(g) that holder is a holder in due course.: that the holder of a negotiable instrument is a holder in due course:*
> *Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.*
>
> *“**139. Presumption in favour of holder.:** It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.”*

14. વધુમાં આ કામે કયા સંજોગોમાં અનુમનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોણ પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામ. સર્વોચ્ચ અદાલતે

Basalingappa vs. Mudibasappa[10] ના ચુકાદામાં પેરા 23માં ઉપરોક્ત અનુમાનો લગત નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે:

> *"**23.** We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-*
>
> *(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.*
>
> *(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.*
>
> *(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.*
>
> *(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.*
>
> *(v) It is not necessary for the accused to come in the witness box to support his defence."*

15. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનાં સંદર્ભમાં કાયદાની જોગવાઈઓ તથા ઉપર્યુક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138 ને વંચાણે લેતાં, સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી વ્યક્તિને નાંણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે તેમજ સદર ચેક આપતી વખતે ચેકમાં લખેલ રકમ અને તારીખ અંગે ઉપરોક્ત કલમ 118 તથા 139 ની જોગવાઈઓ જોતા ચેક ધારણ કરનારની તરફેણમાં ચેક ઈશ્યુ કાર્યની તારીખે ચેકમાં દર્શાવેલ રકમ મુજબના અવેજ પેટનો ચેક હતો તેમ માની લેવાનું સ્પષ્ટ જણાવેલું છે. આમ, ફરિયાદીની તરફેણમાં જે કાયદાકીય અનુમાનો કરવામાં આવે છે તેને ખંડન કરવા માટે આરોપીએ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીઝ (preponderance of probabilities) ના સિદ્ધાંત મુજબ પુરાવો અથવા તેવા સંજોગો રેકર્ડ પર

---

[10] 2019 AIR SC 1983

લાવવા આવશ્યક છે જેથી ફરિયાદીના કેસ ઉપર વ્યાજબી શંકા ઉદભવે. પરંતુ અત્રે એ હકીકત પણ નોંધવી આવશ્યક છે કે વૈધનિક અનુમાનને માત્ર ડીનાયાલ (ઇનકાર કે અસ્વીકાર) કરવાથી તે અનુમનોનું ખંડન કરેલ માની ન શકાય. પરંતુ, જો આરોપી આવા વૈધાનિક અનુમનોનું ખંડન સફળતાપૂર્વક કરે છે તો, ફરીથી ઓનસ (પુરાવાનો બોજો) ફરિયાદીના શિરે શિફ્ટ થાય છે અને જો ફરિયાદી તે સંજોગો બતાવવામાં નિષ્ફળ રહે તો ફરિયાદીની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનો ફરિયાદીને મદદ કરશે નહિ. પરંતુ જો આરોપી આમ કરવામાં નિષ્ફળ નીવડે તો તેની વિરુદ્ધ કરવામાં આવેલ કલમ 118 તેમજ 139ના વૈધાનિક અનુમાનો ફરિયાદીની તરફેણમાં નિર્ણાયક અને આખરી (unrebutted) સાબિત થાય છે.

15.1. આમ, કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, કોઈપણ વ્યક્તિએ તેનું કાયદેસરનું દેવુ અને જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો ચેક કોઈની તરફેણમાં લખી આપે અને તે ચેક મુજબની રકમ લખનારનાં ખાતામાં ન હોય, અને અપુરતી રકમનાં કારણે ચેક પરત ફરે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138 હેઠળ ગુન્હો બને છે, તેમ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ, તેવુ દેવુ અને જવાબદારી કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવુ હોવુ જોઈએ, તેવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138 માં સ્પષ્ટતા કરવામાં આવેલી છે.

16. ઉપર મુજબની કાયદાની જોગવાઈઓનાં સંદર્ભમાં ફરિયાદ પક્ષનાં પુરાવાઓને ધ્યાને લેતાં, આ કામના આરોપી સામેનું ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- 138 નાં ગુન્હાનું તહોમત છે, જેથી નામ. સર્વોચ્ચ અદાલતના **Jugesh Sehgal vs. Shamsher Singh Gogi**[11] ના ચુકાદામાં કલમ-138ના નીચે મુજબના આવશ્યક તત્વો પ્રસ્થાપિત કરેલ છે, જે ફરિયાદપક્ષે સાબિત કરવાના રહે છે:

> *"**9.** It is manifest that to constitute an offence under Section 138 of the Act, the following ingredients are required to be fulfilled:*
>
> *(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;*
>
> *(ii) The cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;*
>
> *(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;*

[11] 2009 (14) SCC 683

(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice.

***10.** Being cumulative, it is only when all the afore-mentioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."*

<u>પુરાવાનું મૂલ્યાંકન:</u>

17. આ સંદર્ભે પ્રસ્તુત કેસની હકીકત ધ્યાનમાં લેવામાં આવે તો:

Sr no.	Particular	Date
1.	Date of the cheque at Exh.12	20/11/2023
2.	Presentation of the cheques	29/11/2023
3.	Intimation of dishonour	30/11/2023
4.	Statutory notice to the accused	15/12/2023
5.	Notice served	16/12/2023
6.	Completion of 15 days time as per Sec. 138(b) of the NI Act.	30/12/2023
7.	Filing of the Complaint before the Court	29/01/2024

આમ, ઉપરોકત તારીખો ધ્યાને લેતા નીચે મુજબનની હકીકતો ફલિત થાય છે:

1. ઉપરોક્ત મુજબનો ચેક ધ્યાને લેતાં જેમાં કુલ **રૂ.50,000/-** ની રકમ ફરીયાદીના નામથી જણાવવામાં આવેલ છે. તે જ રીતે સદર ચેકો ત્રણ મહિનાની અંદરના સમયમા બેંકમાં જમા કરવામાં આવેલ છે એટલે કે ચેકો નિયત સમયમાં બેંકમાં રજુ કરેલ હોવાની હકીકત ફલીત

થાય છે. આમ, નેગો. ઈન્સ્ટ. એકટની **કલમ-138(એ)** ની જોગવાઈનું પાલન થયેલ છે તે સ્પષ્ટ થાય છે.

2. સદર ચેકોનાં આંક-14 થી રજુ થયેલ રીટર્ન મેમો ધ્યાને લેતાં તેમાં ચેક પરત થયાનું કારણ "**Account Close**" જણાવવામાં આવેલ છે તેમજ ચેકો પરત થયા બાબતે બેન્કે ફરીયાદીને જાણ કરેલ હોવાનું ફરીયાદીએ પોતાની ફરીયાદ તથા સોગંદનામામાં જણાવેલ છે. તેમજ ચેકો વણ સ્વિકરાયેલો પરત થયાની જાણ થતાં તે સબંધેની કાનૂની નોટીસ આરોપીને તેના રહેઠાણના સરનામે **તા.15/12/2023** ના રોજ આંક-15 થી મોકલવામાં આવેલ છે, જે હકીકત ફરીયાદી તર્ફે રજુ થયેલ આંક-16 અને 17 ના દસ્તાવેજો ધ્યાને લેતાં જણાઈ આવે છે. જેમા આ કામના આરોપીને નોટીસ **તા.16/12/2023** નારોજ બજી ગયેલ છે. જેથી **નેગો.ઈ.એકટની કલમ-138 (બી)** નું પણ પાલન થયેલ હોવાનું જણાઈ આવે છે.

3. ત્યારબાદ 15 દિવસમાં ચેકની રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જતાં ફરીયાદીએ હાલની ફરીયાદ એક માસમાં દાખલ કરવી પડે. જે અંગે આંક-01 થી રજુ ફરીયાદ ધ્યાને લેતાં કરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે એટલે કે ફરીયાદીએ સમય મર્યાદામાં કરીયાદ દાખલ કરેલ હોવાનું પુરવાર થાય છે. જેથી **નેગો.ઈ.એકટની કલમ-138 (સી) તથા 142(1)(બી)** નું પણ પાલન થયેલ હોવાનું જણાઈ આવે છે.

18. આમ, ફરીયાદપક્ષે જ્યારે હાલના ચેકો સમય મર્યાદામાં દાખલ કરેલ છે, સમય મર્યાદામાં નોટિસ આપેલી છે, સમયમર્યાદામાં ફરીયાદ કરેલી છે, તે પુરવાર કરે છે, પરંતુ સાથે સાથે ફરીયાદપક્ષે સૌથી અગત્યનો હાલના ચેકો કાયદેસરનાં લેણા પેટે આપવામાં આવેલ છે, તે પુરવાર કરવાનું રહે છે. આ માટે ફરીયાદપક્ષનાં પુરાવાઓની ઝીણવટભરી સમીક્ષા કરવી આવશ્યક છે. જયારે, આરોપી તરફે કલમ- 139 મુજબ ફરીયાદીના પુરાવાનું ખંડન કરવાનું રહે છે. આથી, ફરીયાદી તથા આરોપીનાં પુરાવાઓનું કાયદાની જોગવાઈઓ અનુસાર મુલ્યાંકન કરવાનું રહે છે.

19. હવે આ હકીકત સંબંધે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો નેગો.ઈ.એકટની કલમ-138 નાં કાયદાકીય જોગવાઈઓનું પાલન ફરીયાદી તરફે થયેલ છે કે કેમ, તેમજ આરોપીએ ફરીયાદીને ફરીયાદીનાં કાયદેસરનાં લેણા પેટે ચેકો આપેલ છે કે કેમ, તેમજ નેગો.ઇન્સ.એકટની કલમ 138 (એ), (બી) અને (સી) ના પાલન સંબંધેની હકીકતોનું ખંડન થાય કે તેને પડકાર રૂપ કોઈ જ હકીકતો આરોપી તરફે રજુ કરવામાં આવેલ છે કે કેમ, તે જોવાનું રહે છે.

20. આ કામે આરોપી તરફે કરવામાં આવેલી દલીલોના આધારે આરોપી તરફે નીચે મુજબના બચાવ લેવામાં આવેલ છે:

1. આ કામના ફરિયાદીએ આરોપી પાસેથી સિક્યુરિટી પેટે અગાઉથી જ 'કોરા ચેક' લઈ લીધા હતા. ત્યારબાદ પોતાની રીતે આ ચેકમાં વિગતો અને ખોટી રકમ ભરીને તેને રિટર્ન કરાવેલ છે.
2. ધી નેગો. ઇન્સ્ટ્રુમેન્ટસ્ એક્ટની કલમ 118 તેમજ 139 ના અનુમાનો તે પુરાવા નથી.

21. સદર કામે ઉપર ચર્ચા કર્યા મુજબ ચેકો રિટર્ન થયા એનું કારણ "**Account Closed**" છે અને સદર ચેકોમાં સહીઓ અંગે આરોપી તર્ફે કોઇ વાંધો લીધેલ નથી. ફરિયાદી પાસે જ્યારે ચેકો છે ત્યારે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ-118, 139 મુજબનુ પ્રિઝમ્પ્શન ફરિયાદીની તરફેણમાં રહે છે અને તે પ્રિઝમ્પ્શન રીબટ કરવાની જવાબદારી આરોપી ઉપર રહેલ છે. વધુમાં, આ સંદર્ભે આરોપીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે આરોપી તરફે કલમ 139 હેઠળ કરવામાં આવતા અનુમનોનું સચોટ, ઠોસ અને વ્યાજબી પુરાવાઓ તથા ખુલાસા સાથે ખંડન કરેલ છે. જેથી આરોપીએ લીધેલ બચાવ લગત ફરિયાદીએ પુરાવા રજૂ કરી પોતાનો કેસ પૂરવાર કરવો પડે પરંતુ, તે આ કામના ફરિયાદીએ કરેલ નથી. પરંતુ, આ સંદર્ભે કેસનું રેકર્ડ જોવામાં આવે તો આરોપીએ પોતે જુબાની આપેલ નથી કે કોઈ સાહેદ તપાસેલ નથી. આરોપી તરફે જે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે તે આ કામના ફરિયાદીએ અન્ય વ્યક્તિઓ વિરૂદ્ધ રૂપિયાની વસુલાત માટે કરેલી ફરિયાદની સર્ટિફાઇડ નકલો છે. પરંતુ તેનાથી આરોપી એવું પુરવાર નથી કરી શકતા કે હાલના આરોપી પાસે ફરિયાદીનું કોઈ લેણું બાકી નથી કે હાલના ચેકો કોઈ લેણાં પેટે આપેલ નથી. વધુમાં, આંક-22 વાળા ચેકમાં આરોપીએ ચેકોમાં પોતાની સહી નહિ હોવા સંદર્ભે કોઇ જ તકરાર લીધેલ નથી તેમજ હાલના ચેકો સહી અલગ હોવાના લીધે પરત ફરેલ નથી, પરંતુ "Account Closed" હોવાના લીધે પરત ફરેલ છે તેવા સંજોગોમાં આરોપીએ પોતાની સહિવાળો ચેક

ફરિયાદીને કાયદેસર લેણાની જવાબદારી પેટે આપેલ હોય તેવું ફરિયાદીની તરફેણમાં અનુમાન ઉત્પન્ન થાય છે અને આ હકીકત ફરિયાદીએ પોતાના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. આ સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **Bir Singh vs. Mukesh Kumar**[12] ના ચુકાદાના પેરા 37થી 42માં નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે:

> *"**37.** A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. <u>It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer.</u> If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.*
>
> ***38.** <u>If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.</u>*
>
> ***xxx xxx xxx***
>
> ***40.** <u>Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.</u>*
>
> ***41.** The fact that the appellant-complainant might have been an Income Tax practitioner conversant with knowledge of law does not make any difference to the law relating to the dishonour of a cheque. <u>The fact that the loan may not have been advanced by a cheque or demand draft or a receipt might not have been obtained would make no difference.</u> In this context, it would, perhaps, not be out of context to note that the fact that the respondent-accused should have given or signed blank cheque to the appellant complainant, as claimed by the respondent-accused, shows that initially there was mutual trust and faith between them.*
>
> ***42.** <u>In the absence of any finding that the cheque in question was not signed by the respondent-accused or not voluntarily made over to the payee and in the absence of any evidence with regard to the circumstances in which a blank signed cheque had been given to the appellant-complainant, it may</u>*

[12] 2019 AIR (SC) 2446

<u>reasonably be presumed that the cheque was filled in by the appellant-complainant being the payee in the presence of the respondent-accused being the drawer, at his request and/or with his acquiescence.</u> The subsequent filling in of an unfilled signed cheque is not an alteration. There was no change in the amount of the cheque, its date or the name of the payee. The High Court ought not to have acquitted the respondent-accused of the charge under Section 138 of the Negotiable Instruments Act."

21.1. આમ, નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત ચુકાદામાં ઠરાવી સિદ્ધાંત પ્રમાણે જ્યારે આરોપી તકરારી ચેકો પરની સહી કબૂલ કરતા હોય તો તેવા સંજોગોમાં ફરિયાદીએ આરોપીને તા.05/08/2022 નારોજ આરોપીએ ફરિયાદીના ઘરે આવી વાસુભાઈ સુહાગીયાની હાજરીમાં ધંધાના કામ માટે રૂ.1,00,000/- ની માંગણી કરી હતી. આરોપીએ ફરિયાદીને જરૂર પડ્યે એક મહિના અગાઉ જણાવવાથી મૂળ મૂડી રોકડેથી પરત કરી દેશે. આ વાતો પર ભરોસો રાખીને ફરિયાદીએ તા.05/08/2022 ના રોજ આરોપીને રૂ.1,00,000/- રોકડા હાથઉછીના આપ્યા હતા અને તે લગત આરોપી પાસેથી ચેકમાં દર્શાવેલ રકમ લેવાની બાકી નીકળે છે જેથી તેના બદલામાં આ કામના તકરારી ચેક ફરિયાદીને આપેલ હતો. એ હકીકત ઉપરથી ફલિત થાય છે કે, આ કામે ફરિયાદીએ પોતાની સરતપાસમાં આરોપી સાથે ફરિયાદમાં જણાવેલ વ્યવહાર થયેલ છે તે હકીકત પુરવાર કરેલ છે. આરોપીએ ચેક ઉપરની સહી અંગે કોઇ તકરાર ઉઠાવેલ ન હોય તેવા સંજોગોમાં ફરિયાદપક્ષે ફરિયાદીના તરફેણમાં કાયદેસરના લેણાં અને જવાબદારી પેટે ચેક આપેલ છે તેવું અનુમાન ફરિયાદીના તરફેણમાં ઉત્પન્ન થાય છે.

22. વધુમાં, આ કામના તકરારી ચેક "ACCOUNT CLOSED"ના શેરા સાથે બેંકમાંથી પરત ફરેલા હોય, તે સંદર્ભે આ તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **Nepc Micon Limited Versus Magma Leasing Limited**[13] માં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો અનિવાર્ય છે, જે નીચે મુજબ છે:

*"**15.** In view of the aforesaid discussion we are of the opinion that even though Section 138 is a penal statute, it is the duty of the Court to interpret it consistent with the legislative intent and purpose so as to suppress the mischief and advance the remedy. As stated above, Section 138 of the Act has created a contractual breach as an offence and the legislative purpose is to promote efficacy of banking and of ensuring that in commercial or contractual transactions cheques are not dishonoured and credibility in transacting business through cheques is maintained. The above*

[13] AIR 1999 SC 1952

interpretation would be in accordance with the principle of interpretation quoted above 'brust away the cobweb varnish, and show the transactions in their true light' (Wilmot C. J.) or (by Maxwell) "to carry out effectively the breach of the statute, it must be so construed as to defeat all attempts to do, or avoid doing, to an indirect or circuitous manner that it has prohibited." Hence, when the cheque is returned by a bank with an endorsement 'account closed', it would amount to returning the cheque unpaid because "the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque" as envisaged in Section 138 of the Act."

23. વધુમાં, સદર કામે ફરિયાદી તરફે આંક-25થી તપસાયેલ બેંક સાહેદ તે આરોપીની બેંક ICICI Bankના ડેપ્યુટી બ્રાન્ચ મેનેજર છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હસમુખભાઈનું બેંક એકાઉન્ટ તા.03/02/2022ના રોજ બંધ થયેલું, તે સમયે પણ તેઓના ખાતામાં રૂ.50,000/- જેટલી રકમ ન હતી. જે લગતનું બેંક સ્ટેટમેન્ટ આંક-28થી રજૂ રાખવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રથપિત થયેલ સિદ્ધાંત અન્વયે હાલના કેસોમાં, આરોપીએ પોતાનું બેંક એકાઉન્ટ બંધ કરાવેલ હોય તો પણ નેગો. ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 અન્વયે ગુનો બને છે. હાલના કામે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલી છે, પરંતુ આરોપી પોતાના પુરાવા પરથી તેની વિરુદ્ધમાં રહેલા કાયદાકીય પ્રિશમ્પ્શનસને રીબટ કરવામાં સફળ નીવડેલ નથી. વધુમાં, હાલના કામે આરોપીને સદર ચેક બાઉન્સ થયા અંગેની ફરિયાદીની નોટિસ મળેલી છે, તેમજ તેણે પોતાના વિ.વ.શ્રી. મારફતે તે નોટિસનો જવાબ પણ આપેલ છે. જે સંજોગોમાં પુરવાર થાય છે કે આરોપીને ફરિયાદીના લેણાંની જાણ હોવા છતાં તેણે ફરિયાદીને ચેકમાં જણાવ્યા મુજબની રકમ ચૂકતે કરેલ નથી.

24. તદુપરાંત, આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરિયાદી પાસે પહેલેથી જ આરોપીના કોરા ચેકો હતા, જે ફરિયાદી દ્વારા પાછળથી આરોપીની જાણ બહાર ભરવામાં આવેલ છે. જેથી ફરિયાદી દ્વારા ખોટી રીતે આરોપીની જાણ બહાર ચેક બાઉન્સ કરાવી હાલની ખોટી ફરિયાદ કરેલ છે. આરોપીના વિ.વ.શ્રી. ના બચાવ સંદર્ભે હાલના તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **Sunil Todi vs. State Of Gujarat**[14] ના ચુકાદાના **પેરા 26** માં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો આધારભૂત જણાય છે, જે નીચે મુજબ છે:

*"**26.** The object of the NI Act is to enhance the acceptability of cheques and inculcate faith in the efficiency of negotiable*

[14] 2022 (16) SCC 762

> *instruments for transaction of business.* ***The purpose of the provision would become otiose if the provision is interpreted to exclude cases where debt is incurred after the drawing of the cheque but before its encashment.*** *In Indus Airways, advance payments were made but since the purchase agreement was cancelled, there was no occasion of incurring any debt.* ***The true purpose of Section 138 would not be fulfilled, if 'debt or other liability' is interpreted to include only a debt that exists as on the date of drawing of the cheque.*** *Moreover, Parliament has used the expression 'debt or other liability'. The expression "or other liability' must have a meaning of its own, the legislature having used two distinct phrases. The expression 'or other liability' has a content which is broader than 'a debt' and cannot be equated with the latter. In the present case, the cheque was issued in close proximity with the commencement of power supply. The issuance of the cheque in the context of a commercial transaction must be understood in the context of the business dealings. The issuance of the cheque was followed close on its heels by the supply of power.* ***To hold that the cheque was not issued in the context of a liability which was being assumed by the company to pay for the dues towards power supplied would be to produce an outcome at odds with the business dealings. If the company were to fail to provide a satisfactory LC and yet consume power, the cheques were capable of being presented for the purpose of meeting the outstanding dues.”***

24.1. આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ કાયદેસરના લેણાં પેટની એવી જાવાબદરી કે જે ફરિયાદીને ચેક આપ્યા પછી પરંતુ તે ચેક બેંકમાં જમાં કરાવ્યા પહેલા ઉદ્ભવેલી હોય, તો આવી તમામ પ્રકારની જવાબદારીનો સમાવેશ ધી નેગો. ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 અંતર્ગત થાય છે. જે સંજોગોમાં, હાલના કેસની હકીકત જોતા ફરિયાદીએ પોતાની ઉલટ તપાસમાં આરોપીના સિક્યુરિટી પેટના ચેકનો ઉપયોગ કરી હાલનો કેસ કરેલાની હકીકત નકરેલી છે. પરંતુ, જો આરોપીની વાત માની પણ લેવામાં આવે તો પણ ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરિયાદીનું કાયદેસરનું લેણું આરોપી પાસેથી બાકી નીકળે છે, તે હકીકત પુરવાર થાય છે. આ સંજોગોમાં આરોપીનો બચાવ તેઓના કેસને મદદકરતા નીવડ્તો નથી.

24.2. વધુમાં, ઉપરોક્ત દલીલ સંદર્ભે આ તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **Bharat Barrel And Drum Manufacture Company Limited Versus Amin Chand Pyarelal**[15] માં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો અનિવાર્ય છે, જે નીચે મુજબ છે:

[15] 1999 (3) SCC 35

> *"<u>The bare denial of the passing of the consideration apparently does not appear to be any defence</u>. Something which is probable has to be brought on record for getting the benefit of shifting the onus of proving to the plaintiff. To disprove the presumption the defendant has to bring on record such facts and circumstances, upon consideration of which the Court may either believe that the consideration did not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, shall act upon the plea that it did not exist."*

24.3. હવે, ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંત તેમજ આરોપી તરફેની દલીલ સંદર્ભે હાલના કેસમાં રજૂ થયેલ પુરાવા જોવામાં આવે તો ફરિયાદીએ પોતાની ફરિયાદ તથા સરતપાસમાં આ કામના આરોપીને તા.05/08/2022 ના રોજ આરોપીએ ફરિયાદીના ઘરે આવી વાસુભાઈ સુહાગીયાની હાજરીમાં ધંધાના કામ માટે રૂ.1,00,000/- ની માંગણી કરી હતી. આરોપીએ ફરિયાદીને એવી લોભામણી લાલચ અને વચન આપ્યા હતા કે આ રકમ ધંધામાં રોકીને થનારા નફામાંથી 50% હિસ્સો આપશે, છ મહિનામાં રકમ બમણી થઈ જશે અને જરૂર પડ્યે એક મહિના અગાઉ જણાવવાથી મૂળ મૂડી રોકડેથી પરત કરી દેશે. આ વાતો પર ભરોસો રાખીને ફરિયાદીએ તા.05/08/2022 ના રોજ આરોપીને રૂ.1,00,000/- રોકડા હાથઉછીના આપ્યા હતા અને ત્યારબાદ આરોપી પાસેથી ફરિયાદીને બાકી નીકળતી રકમ રૂ.77,000/- લગત આરોપીએ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકનો **ચેક નં.000459, રૂ.50,000/- નો** ચેક આપેલાની હકીકત જણાવેલ છે. આ સંદર્ભે ઉપરોક્ત હકીકતનું ખંડન આરોપી દ્વારા પોતાનો પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે કે આરોપીને ઉપરોક્ત ચેક દ્વારા ફરિયાદીએ જણાવ્યા મુજબની કોઈ રકમ મળેલ નથી. પરંતુ આ કામે આરોપી દ્વારા એવી કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે એવો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. હાલની ફરિયાદના સંદર્ભે આરોપીએ કોઈ લેણું ફરિયાદી પાસેથી લીધેલ નથી કે બાકી નથી એ પુરવાર કરવાની જવાબદારી આરોપીના શિરે રહેલી હોય છે. પરંતુ આરોપી આવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકે નથી કે ફરિયાદીના પુરાવા પરથી આવી કોઈ શંકા ઉત્પન્ન કરી શકેલ નથી.

24.4. આ ઉપરાંત હાલના કેસમાં ફરિયાદી તરફે આંક-14 થી ઉપરોક્ત ચેક રિટર્ન થયા અંગેના રિટર્ન મેમો રજૂ રાખવામાં આવેલ છે. આ સંદર્ભે નેગો. ઇન્સ્ટ્રુમેન્ટસ્ એક્ટની કલમ 146 મુજબ જ્યારે ચેક રિટર્ન થયાની બેંક દ્વારા આપવામાં આવેલી સ્લીપ અથવા મેમો કોર્ટમાં રજૂ કરવામાં આવે તો તે ચેક રિટર્ન થયાના પુરાવા તરીકે માની લેવાનું રહે છે. આ સંજોગોમાં જો આંક-14 જોવામાં આવે તો તે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા

ફરિયાદીને આપવામાં આવેલ રિટર્ન મેમો છે. જેમાં બેંકના અધિકૃત અધિકારીની સહી તથા બેંકનો સિક્કો છે. વધુમાં, આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં આંક-14 વાળા રિટર્ન મેમો અંગે કોઇ તકરાર ન હોવાનું જણાવેલ છે.

25. આમ, આ કામે ફરિયાદપક્ષે ધી નેગોશીએયલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-118(એ) અને 139 ની જોગવાઈઓ સબબ અત્રેની અદાલતે જે અનુમાનો અવેશ વિશે અને ધારક આ ચેકનાં નાણાં વસુલ મેળવવા હકદાર છે તે અંગેના અનુમાનો વિરૂધ્ધમાં બચાવપક્ષે કોઈ ખંડનીય પુરાવો રજૂ કરેલ ન હોવાના કારણસર ફરિયાદ પક્ષનો આ કેસ નિઃશંકપણે સાબીત થયેલ હોવાનું અત્રેની અદાલત માને છે. વધુમાં આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ 1881 માં અવાર નવાર સમય સાથે કરવામાં આવેલ સુધારા વધારા સહિત આ એકટ પાછળનો હેતુ નાણાંકીય વ્યવહારમાં થતી ગેરરીતિઓ અટકાવી આ ગેરરીતિઓ દ્વારા કોઈ વ્યકિત તેની નાણાંકીય જવાબદારીમાંથી છટકી ન જાય અને નાણાંકીય વ્યવહાર ડુબાડવાનો તેનો હેતુ પાર પાડી કોઈ ચેક આપે અને તે બાઉન્સ થાય ત્યારે બેંકો ધ્વારા તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ ધ્વારા થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતા ઘટી જાય છે. એટલે કે આવી વિશ્વસનીયતા ઘટી ન જાય તે માટે આ એકટ દ્વારા તાત્કાલીક ધોરણે આવા ડીફોલ્ટરને સજા કરવાનો છે. આ કેસમાં વિગતવાર ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષે આ કેસ આરોપી સામે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરેલ છે.

26. આમ, ફરીયાદ પક્ષના કેસની હકીકતો તથા રજુ થયેલ પુરાવો અને બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલી ફરિયાદીની ઉલટ તપાસ અને પુરાવા, તેમજ કાયદાકીય જોગવાઈઓ તેમજ નામદાર સુપ્રિમકોર્ટ તથા હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો વિગેરે તમામ હકીકતોને સમગ્ર રીતે ધ્યાને લેવામાં આવે તો અગાઉ કરેલ ચર્ચા મુજબ જયારે ફરીયાદ પક્ષનો કેસ માનવાલાયક જણાતો હોય અને બચાવ પક્ષ દ્વારા તેમની વિરુદ્ધના કાનુની અનુમાનનું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ ગયેલ હોવાનું પુરવાર થતુ હોય અને ફરીયાદ પક્ષનું કાયદેસરનું લેણું હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોય, ફરીયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલા હોય, આરોપી દ્વારા તેમની દલીલોના સમર્થનમાં વિવિધ અદાલતી ચુકાદાઓ રજૂ કરેલ છે. અત્રેની અદાલતે તે માનસહ વંચાણે લીધેલ છે, પરંતુ હાલના કેસની હકીકતો અને ફરિયાદી તરફે રજુ હકીકતો ધ્યાને લેતા સદર આરોપી તરફે રજુ થયેલ ચુકાદાઓની

હકીકતો હાલના કિસ્સામાં લાગુ પાડી શકાય તેમ નથી, તેથી મુદ્દા નં.1 નો નિર્ણય હકારાત્મક ઠરાવવામાં આવે છે જેથી મુદ્દા નં.ર અંગે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

1) આ કામે આરોપી **હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા,** રહે.ઘર નં.55, ઓમકાર સોસાયટી, વિભાગ-એ, ગીતા નગર પાસે, માતૃ શકિત રોડ, પુણાગામ, તા.પુણા, જી.સરત. નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ 255(2) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, 1881 ની કલમ 138 મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

2) હાલના કેસની ઇન્સફી કાર્યવાહી સી.આર.પી.સી.ના પ્રકરણ 20 અન્વયે સમન્સ ટ્રાયેબલ રીતે ચાલેલી છે, જેથી સી.આર.પી.સી. ની કલમ 255(2) મુજબ આ કામના આરોપીને સજા અંગે સાંભળવાની કોઈ જરૂરિયાત રહેતી નથી, પરંતુ કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ધ્યાને રાખી આરોપીને સજા અંગે સાંભળવા માટે આ કામ મુલતવી રાખવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખ 11મી માહે ઓગસ્ટ, સને 2026ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 11/08/2026
સ્થળ: કઠોર

(સ્વપ્નિલ કે. ફટાણીયા)
જ્યુડી. મેજી. ફ.ક., કઠોર
Judge Code - GJ01769

<u>સજા અંગે સાંભળ્યા બાદનો હુકમ</u>

1. હાલના કામે આજરોજ સજા અંગે ફરિયાદીના વિ.વ.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરિયાદી તરફે વિ.વ.શ્રી એ રજૂઆત કરેલ છે કે ફરિયાદપક્ષે હાલનો કેસ તેમની તરફેણમાં સફળતાપૂર્વક પુરવાર કરેલ છે. જેથી આ કામના આરોપીને કાયદામાં આપેલી મહત્તમ સજા કરવા અરજ ગુજારેલા છે.

2. જ્યારે આરોપી તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે આરોપી ગરીબ વર્ગનો માણસ છે. આરોપી ઉપર તેના પરિવારની સંપૂર્ણ જવાબદારી છે. જેથી જો આરોપીને જેલમાં મોકલવામાં આવે તો તે પોતાના પરિવારનું ભરણપોષણ કરી શકે નહિ. વધુમાં, આરોપીનો કોઈ અગાઉનો ગુનાહિત ઇતિહાસ નથી. જેથી તેઓએ આરોપીને ઓછામાં ઓછી સજા ફરમાવવા જણાવેલ છે.

3. ઉભય પક્ષકારોની દલીલો સાંભળી. કેસની હકીકતો ધ્યાને લીધી. આ તબક્કે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટસ્ એક્ટની કલમ 138 મુજબના ગુન્હાની સજાની જોગવાઇ જોવામાં આવે તો આરોપીને તકસીરવાન ઠર્યેથી બે વર્ષ સુધીની સજા અથવા ચેકની બમણી રકમ સુધીનો દંડ અથવા બંને સાથે, એટલે કે સજા અને દંડ બંને સાથે કરવાની પણ જોગવાઇ કરવામાં આવી છે. સજા સંદર્ભે આરોપી તરફે રેકર્ડ પરની હકીકતો તેમજ આરોપીની ઉમર, તેમની કૌટુંબિક જવાબદારી તેમજ આરોપીનો પ્રથમ ગુનો હોય તેથી બે વર્ષ પૂરેપૂરી સજા કરવી યોગ્ય જણાતું નથી. પરંતુ ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉંમર, સામાજિક પરિસ્થિતિ વિગેરે હકીકતો ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે.

4. વધુમાં, હાલના આરોપી સામે આર્થિક પ્રકારનો ગુન્હો આચરવાનો આક્ષેપ છે જે ફરીયાદ પક્ષે સાબિત કરેલ હોઇ અને આ કારણે ફરીયાદીને પણ આર્થિક નુકસાન થયેલ હોઇ, જેથી જે ફરીયાદીને થયેલ નાણાની નુકશાની પેટે ચેકની રકમ જેટલુ વળતર ફરીયાદીને આપવાનો હુકમ કરવામાં આવે આવે તો તે ન્યાયી અને વાજબી ઠરશે. આ સંદર્ભે હાલના તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **A.K.Vijaya Kumar Versus R.Mohan**[16] ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો અનિવાર્ય છે, જે નીચે મુજબ છે:

> *"**8.** The idea behind directing the accused to pay compensation to the complainant is to give him immediate relief so as to alleviate his grievance. <u>In terms of Sec. 357(3) compensation is awarded for the loss or injury suffered by the person due to the act of the accused for which he is</u>*

[16] 2012 (8) SCC 721

> *<u>sentenced. If merely an order, directing compensation, is passed, it would be totally ineffective</u>. It could be an order without any deterrence or apprehension of immediate adverse consequences in case of its non- observance. The whole purpose of giving relief to the complainant under Sec. 357(3) of the Code would be frustrated if he is driven to take recourse to Sec. 421 of the Code. Order under Sec. 357 (3) must have potentiality to secure its observance. Deterrence can only be infused into the order by providing for a default sentence. If Sec. 421 of the Code puts compensation ordered to be paid by the Court on par with fine so far as mode of recovery is concerned, then there is no reason why the Court cannot impose a sentence in default of payment of compensation as it can be done in case of default in payment of fine under Sec. 64 of the IPC. It is obvious that in view of this, in Vijayan, this Court stated that the above mentioned provisions enabled the Court to impose a sentence in default of payment of compensation and rejected the submission that the recourse can only be had to Sec. 421 of the Code for enforcing the order of compensation. Pertinently, it was made clear that observations made by this Court in Hari Singh are as important today as they were when they were made. The conclusion, therefore, is that the order to pay compensation may be enforced by awarding sentence in default."*

5. વધુમાં ઉપર્યુક્ત ચુકાદા મુજબ સી.આર.પી.સી.ની કલમ 357(3) કોર્ટને ગુનાનો ભોગ બનેલા લોકોને વળતર આપવાની સત્તા આપે છે જેઓ આરોપીના કૃત્યથી પીડાય છે. ફરિયાદીને પૂરતા વળતર વિના ન્યાય અધૂરો રહે છે. ન્યાય ત્યારે જ પૂરો થઈ શકે, જ્યારે ફરિયાદીને તેના નુકસાનનું માપસર વળતર આપવામાં આવે. કલમ-357 એ એક ફરજિયાત જોગવાઈ છે જે તમામ અદાલતો દ્વારા આરોપીને સજા સંભળાવતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. જો આરોપી આ વળતરની રકમ ચૂકવી આપવામાં કસુર કરે તો અદાલત વધારાની કેદની સજા ફરમાવવી શકે છે.

6. આમ, ઉપરોકત તમામ સંજોગો તથા બંને પક્ષની દલીલો લક્ષમાં લેતાં તેમજ સામાન્ય લોકોની બેંક વ્યવહારમાં ચેકની વિશ્વસનીયતા ટકી રહે તેમજ સમાજમાં ચેકનો દુરૂપયોગ થતો અટકે તે માટે દાખલો બેસે તે જરૂરી છે. વધુમાં, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટસ્ એક્ટના કાયદાનો હેતુ Ease of Doing Businessના સિદ્ધાંતને પ્રોત્સાહન આપવાનો છે. જેથી ઝડપથી બદલાતા વ્યાપારિક અને ધંધાકીય પરિવેશમાં નાણાંની આદાન પ્રદાન જળવાઈ રહે. આમ, આ તમામ હકીકતોને ધ્યાનમાં રાખીને તેમજ રજુઆતો તથા ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને આ કામના ફરીયાદીને, આરોપીના કૃત્ય દ્વારા નુકશાન થયેલ છે, તે

ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે, જેથી ન્યાયના હિતમાં મુદ્દા નં. 2 પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

-:: હુ ક મ ::-

1. આ કામના આરોપી **હસમુખભાઈ ભીમજીભાઈ વાઘેલા** રહે.ઘર નં.55, ઓમકાર સોસાયટી, વિભાગ-એ, ગીતા નગર પાસે, માતૃ શકિત રોડ, પુણાગામ, તા.પુણા, જી.સરત.નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ 255(2) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, 1881 ની કલમ 138 મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવી **એક (1) વર્ષ** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

2. વધુમાં આ કામના આરોપીને આદેશ કરવામાં આવે છે કે, તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ 357(3) અન્વયે રૂપિયા **50,000/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)** ફરિયાદ દાખલ કર્યાની તારીખથી વાર્ષિક 6% ના સાદા વ્યાજ સાથે ફરિયાદીને વળતર પેટે હુકમની તારીખથી બે (2) મહિનામાં ચૂકવી આપવા.

3. વધુમાં, જો આરોપી ઉપર મુજબની વળતરની રકમ ફરિયાદીને નિયત સમયમાં ન ચૂકવી આપે તો આરોપીને વધુ છ (6) માસની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

4. આરોપીએ જો હાલના કામે ધી નેગો. ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 143A મુજબ વચગાળાના વળતર તરીકે કોઈ રકમ ફરિયાદીને ચૂકવેલા હોય તો તે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

5. આરોપીએ જો હાલના કામે કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલી હોય તો સી.આર.પી.સી. ની કલમ 428 અન્વયે તે સમયગાળો મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

6. સી.આર.પી.સી. ની કલમ 363 અન્વયે આરોપીને સદર જજમેન્ટની નકલ તાત્કાલિક વિનામૂલ્યે પૂરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખ 11મી માહે ઓગસ્ટ, સને 2026ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 11/08/2026
સ્થળ: કઠોર

(સ્વપ્નિલ કે. ફટાણીયા)
જ્યુડી. મેજી. ફ.ક., કઠોર
Judge Code - GJ01769

ગુજરાતી સ્ટેનોગ્રાફર,
એમ.જી.મોરડીયા